Extra No. 206

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, FEBRUARY 19, 2026 / MAGHA 30, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-B

CENTRAL SECTION

Government Notifications Published Under Land Acquisition Act Only

NARMADA, WATER RESOURCES, WATER SUPPLY & KALPSAR DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 5th February, 2026

(The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act-2013 (30 of 2013)

District: Kachchh **Case No. 03/2025**

No: AM/NJ/2026/19/LAQ/102026/KACHCHH /01/M: Whereas it appears to the Government of Gujarat that the land specified in the SCHEDULE annexed here to likely to be needed for public purpose viz for the purpose of Construction for Dudhai Sub Branch Canal of Narmada Project.

(1) Now therefore in exercise of the powers conferred by sub-section (i) of section 2 of the "The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act-2013 (30 OF 2013) (here in after referred to as "THE ACT") it is hereby notified that the Government of Gujarat intends to acquire the said Land for the public purpose of Construction for Dudhai Sub Branch Canal of Narmada Project.

(2) Now whereas a proposal is made for acquisition of the above mentioned scheduled land for the purpose of Construction for Dudhai Sub Branch Canal of Narmada Project. The bare minimum area of land to be acquired as per SCHEDULE for the project is H.00-55-14 Sq.mtr of Village-Devisar, Taluka- Anjar, District-Kachchh.

(3) Now whereas it appears to the State Government that it is expedient to exempt in public interest to the area of H.00-55-14 Sq.mtr of land to be acquired for the above stated infrastructure project from the application of the provision of chapter II and III of the Act.

(4) Now therefore in exercise of the power conferred by section 10(A) of the Act inserted by section-3 of The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act-2013 (Gujarat Amendment Act-2016) (Gujarat Act No. 12 of 2016) The Government of Gujarat hereby exempt in public interest to the area of H.00-55-14 Sq.mtr. land comprised in below mentioned SCHEDULE to be for Construction for Dudhai Sub Branch Canal of Narmada Project from the application of the provision of chapter II and III of the Act.

SCHEDULE

Case No: 03/2025

Date: 05/02/2026

District: Kachchh **Taluka: Anjar** **Village: Devisar**

Sr. No.	Block / Survey No	Approximate area of the lands required (H.Are.Sq.M.)	Public Purpose for which the lands are required
1	101	00-55-14	Under Sardar Sarovar Narmada Nigam Limited the Construction for Dudhai Sub Branch Canal of Narmada Project.
Total: 01		**00-55-14**	

By order and in the name of the Governor of Gujarat,

PRITESH B. DINDOR,

Under Secretary (L.A.) to Government.

નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો: કચ્છ **કેસ નંબર: ૦૩/૨૦૨૫**

ક્રમાંક: અમ/નજ/૨૦૨૬/૧૯/જસં/૧૦૨૦૨૬/કચ્છ/૦૧/મ: આ સાથેની અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, નર્મદા યોજનાની દુધઈ સબ બ્રાંચ કેનાલના વધારાની જમીન બાંધકામ માટે જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત આંતર માળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતું માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસૂચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ નર્મદા યોજનાની દુધઈ સબ બ્રાંચ કેનાલના વધારાની જમીન બાંધકામ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર હે.૦૦-૫૫-૧૪ ચો.મી. છે અને તે કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના ગામ દેવીસરની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે, ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ વિસ્તાર હે.૦૦-૫૫-૧૪ ચો.મી. જમીનને "સદરહુ અધિનિયમ"ના પ્રકરણ-૨ અને ઉની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હીતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી "સદરહુ અધિનિયમ" ની કલમ-૧૦(એ) (જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩) (ગુજરાત સુધારા અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ નં.૧૨ની કલમ-૩ થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં નર્મદા યોજનાની દુધઈ સબ બ્રાંચ કેનાલના વધારાની જમીનના બાંધકામ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ક્ષેત્રફળ વિસ્તાર હે.૦૦-૫૫-૧૪ ચો.મી. જમીનને "સદરહું અધિનિયમ"ના પ્રકરણ-૨ અને ઉની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

અનુસૂચિ

કેસ નંબર: ૦૩/૨૦૨૫

તારીખ: ૦૫/૦૨/૨૦૨૬

જિલ્લો: કચ્છ **તા: અંજાર** **ગામ: દેવીસર**

અ.નં	**બ્લોક નંબર / સર્વે નંબર**	**જરૂરી જમીનોનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)**	**જે જાહેર હેતું માટે જમીનની જરૂર છે તે જાહેર હેતું**
૧	૧૦૧	૦૦-૫૫-૧૪	સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તકની નર્મદા યોજનાની દુધઈ સબ બ્રાંચ કેનાલના બાંધકામ માટે.
	કુલ-૦૧	**૦૦-૫૫-૧૪**	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રિતેશ બી. ડિંડોર,

સરકારના ઉપસચિવ (જ.સં.).

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.03.05 21:52:29 IST